# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૮ | ઓક્ટોબર થી ડિસેમ્બર-૨૦૧૬ | ✻ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | ✻ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૫૩



✻ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોષી

✻ **મદદનીશ તંત્રીશ્રી :**

શ્રી સુમનભાઈ પારેખ (ગ્રંથપાલ)

✻ **સહ તંત્રીશ્રીઓ :**

ડૉ. ગોવિંદ સી. કાછીઆ (આમંત્રિત)

ડૉ. ગિરીશ ચૌધરી

પ્રા. વિજય પટેલ

પ્રા. કે. આર. વણકર

પ્રા. ઉમેશભાઈ એન. પટેલ

પ્રા. એ. વી. પંડ્યા

પ્રા. બી.ડી.જોષી

શ્રી પરેશ પટેલ

✻ **વિદ્યાર્થી સંપાદકો :**

પટેલ જીંકલ આર.

ચુનારા અરૂણ એસ.

✻ **ફોટોગ્રાફર :**

શ્રી રાજુલ એસ. પરમાર

✻ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

પોસ્ટ બોક્સ નં. : ૨૩

મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.

જિ. આણંદ - ગુજરાત.

ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :

www.petladcollege.com


તંત્રીશ્રીની કલમે....

## વિદ્યોપાસનાના પુનિત જ્ઞાનયજ્ઞમાં શિક્ષકનું યોગદાન

કોઈપણ દેશની સર્વગુણ સદ્ધરતાનો પાયો તેનો સુસંવાદી અને સુદઢ સમાજ છે, અને એવા સમાજના સ્થાપત્યની આધારભૂત શિલા તેની જાગરૂક વ્યક્તિ છે. ભક્તિ-સમષ્ટિના સુસંકલિત સંબંધો પરસ્પર ઉપકારક નીવડતા હોય છે. આવી વ્યક્તિ અને આવા સમાજના નિર્માણ કાજે જવાબદારીની ભાવનાવાળા, નિષ્ઠાના સદ્‌ગુણે અલંકૃત, વ્યવસાયને ધર્મ અને યજ્ઞધર્મ સમાજતા, અતંદ્ર જાગ્રતિ સેવનાર શિક્ષકની-ગુરુની-સદ્‌ગુરુની અનિવાર્ય આવશ્યકતા હોય છે. આ શિક્ષકોથી જ સમાજ અને દેશ વિકાસની કેડી કંડારતો હોય છે.

આપણે ત્યાં કહેવાયું છે કે, ‘ જન્મ વા જાયતે શૂદ્ર સંસ્કાર દ્વિજ જાયતે.’ અર્થાત્ જન્મથી આપણે બધા જ શૂદ્ર છીએ પણ સંસ્કાર દ્વારા આપણે બ્રાહ્મણ બનીએ છીએ. જે જ્ઞાનથી, ચારિત્ર્યથી સતત આગળ વધે છે, વિકાસ પામે છે તે બ્રાહ્મણ. શૂદ્રમાંથી સંસ્કાર દ્વારા બીજો જન્મ થાય ત્યારે સાચો બ્રાહ્મણ બન્યો કહેવાય. **આ દ્વિજીકરણનો વિધિ કરનાર સારો શિક્ષક-અધ્યાપક છે .**

વિદ્યાર્થી આ દેશનું યુવાધન છે તો શિક્ષક આ દેશની જ્ઞાનસંપદા છે. આ દેશની સંસ્કૃતિના ઘડતરના વિકાસમાં શિક્ષકોનું મહામૂલું પ્રદાન રહેલું છે. વેદમાં શિક્ષકો-અધ્યાપકો માટે ખાસ બે ગુણ બતાવવામાં આવ્યા છે. (૧) પથિકૃતનો ગુણ અને (૨) વિચક્ષતાનો ગુણ. યથિકૃત એટલે રસ્તો શોધનારો અને વિચક્ષણ એટલે, ચારે તરફ જોનારો Vision વાળો, દષ્ટિવંત. સાચો શિક્ષક રસ્તો ખોળે છે, શોધે છે અને નવો રસ્તો બનાવે છે, પછી સૌને તેના પર ચાલવાનું કહે છે. **કેડી કંડારવી અને લોકોને તેના પર પ્રયાણ આદરવાનું કહેવું એ કામ જેવું તેવું નથી. શિક્ષકની અધ્યાપકની આ સાચી સાધના છે.**

**શિક્ષકનું મુખ્ય કાર્ય છે ફલાસક્તિ વિના કેવળ જ્ઞાન દેવું અને જ્ઞાન લેવું.** આ જ્ઞાનની આપલેમાંથી જ જ્ઞાનગંગોત્રીનું ઝરણું અવિરત વહેતું હોયછે, અને પછી આગળ જતાં તે જ્ઞાન ગંગાનું સ્વરૂપ ધારણ કરે છે; જેમાં સ્નાન કરી હજારો વિદ્યાર્થીઓ ધન્ય બને છે. એક આદર્શ અને સારા શિક્ષકમાં આ બંને વિશેષોનો સમુચ્ચય થયેલો હોવો જરૂરી નહિ પણ આવશ્યક છે.

એક શિક્ષકનું અધ્યાપકનું મહત્ત્વનું કાર્ય પોતાના વિદ્યાર્થીઓને પુત્રવત્સલભાવે જ્ઞાનની દીક્ષા અને શિક્ષા આપવાનું છે. શિક્ષક બની ગમે તેટલાં કાર્યક્ષેત્રોમાં નિપુણ હોય, પરંતુ તેના સૌ ઉજ્જવલ કાર્યોમાં સૌથી મહત્ત્વનું કાર્ય શિક્ષક તરીકેનું છે. એક નિષ્ઠાવાન શિક્ષક પોતાના કાર્યને-શિક્ષણને કદાપિ વ્યવસાય તરીકે સ્વીકારતો નથી, પરંતુ એને પોતાનો સ્વધર્મ માને છે. ગુજરાતી ભાષા-સાહિત્યના મૂર્ધન્ય કવિ-વિવેચક શ્રી ઉમાશંકર જોષીની જેમ ભલે ‘વર્ગને સ્વર્ગ ’ ન માનો, પણ શિક્ષણકાર્યમાં તો શિક્ષકે-અધ્યાપકે નિષ્ઠાપૂર્વક અને પરમ પરિતોષથી કાર્ય કરવું જોઈએ. **શિક્ષકમાં-અધ્યાપકમાં જ્ઞાનસંપદા ભલે મર્યાદિત હોય-ઓછી હોય પણ સ્વધર્મ પ્રત્યે તે ભક્તની જેમ સદા જાગૃત રહેલો હોય તો આપણા ક્ષેત્રમાં કશી વાતની ઊણપ વર્તાતી નથી. વિદ્યાર્થીએ વિદ્યાના સાચા અર્થી બનવાનું છે; જ્યારે શિક્ષકે સાચા જ્ઞાનદાતા ને સંસ્કારદાતા બનવાનું છે.**

શાળા કોલેજમાં દાખલ થયા પછી માતા-પિતા કરતાં વિશેષ સંસ્કાર વિદ્યાર્થી શિક્ષક પાસેથી મેળવતો હોય છે. **વળી, વિદ્યાર્થી શિક્ષકોને જ જ્ઞાનમૂર્તિ સમજતો હોય છે.** જ્ઞાનના આદાન-પ્રદાનમાં આ વિશ્વાસ-

શ્રધ્ધા ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. અધ્યાપકના જ્ઞાન કરતાં પણ એના શીલનો પ્રભાવ વિદ્યાર્થી અસંપ્રજ્ઞાતપણે સતત ઝીલતો હોય છે. એટલે **શિક્ષકમાં શીલ અને જ્ઞાન અતિ મહત્વનાં છે.** પણ એ જ્ઞાન-શીલમાં વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાનાં સંતાનો સમાન પ્રેમ ન ભળે-મળે તો બધા સંબંધો શુષ્ક રહી જતા હોય છે. **જ્ઞાન, શીલ અને પ્રેમના સંબંધથી જ વિદ્યાર્થી પુત્રવત્ બની જાય છે.** એ પ્રકારના સંબંધોનું મૂલ્ય રૂપિયા, અને પાઈમાં માપી શકાય તેવું હોતું નથી. જ્ઞાન તો પિતામાં પણ હોય, પણ માતૃવત્ વાત્સલ્ય ન હોય તો એ બધું વ્યંઢળમૂછ જેવું સમજવું. જે શિક્ષકમાં-પ્રાધ્યાપકમાં પ્રજ્ઞા અને શીલનો સમન્વય થયેલો હોય છે એમનો પ્રભાવ વિદ્યાર્થીઓ, કોલેજ, સંસ્થા અને સમાજ પર કાલાતીત હોય છે, એ ભૂલવું ન જોઈએ.

સમગ્ર શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષકનું સ્થાન એક ઉદ્દીપક તરીકેનું છે. વિદ્યાર્થીઓની સમગ્ર શૈક્ષણિક કારકિર્દી ઘડવામાં શિક્ષકે એક Friend, Philosoher nd Guide તરીકેની રચનાત્મક ભૂમિકા ભજવવાની હોય છે; તો બીજી બાજુ શૈક્ષણિક સંસ્થાના વિકાસમાં પણ તેનું સ્થાન કેન્દ્રમાં હોય છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થા તેના અધ્યાપકોના સાચા વિત્તથી ઓળખાય છે. અધ્યાપકનું વિત્ત તેની શૈક્ષણિક સજ્જતા, તેના જ્ઞાનની વિસ્તરતી જતી ક્ષિતિજો અને પોતાના વિષયમાં છેલ્લા વિકાસ અને સંશોધન સાથે તે કેટલી ઝડપથી તાલ મિલાવે છે તેના પર આધાર રાખે છે. શિક્ષક-અધ્યાપક જે મર્યાદિત સજ્જતા સાથે સ્કૂલ-કોલેજમાં પ્રવેશ્યો તે મર્યાદિત સજ્જતામાં સમયાંતરે ઘટાડો કે વધારો થયો છે, તેનું સતત આત્મનિરીક્ષણ (Self Introspection) કરતો રહેવો જોઈએ. અધ્યાપકે સતત અધ્યાપન દ્વારા તેની અધ્યાપકીય સજ્જતા વધારવી જોઈએ, અને તેનો લાભ વિદ્યાર્થીઓ અને એ દ્વારા સમાજ સુધી પહોંચાડવો જોઈએ.

**શિક્ષક એટલે શિસ્ત, ક્ષમા અને કરુણાની મૂર્તિ.** આ ત્રણે ગુણો શિક્ષકમાં હોવા જોઈએ. શિક્ષકના પોતાનામાં શિસ્ત હશે તો વિદ્યાર્થીઓમાં તેનું સંક્રમણ થશે. શિક્ષક નિયમિત, પ્રામાણિક અને સદ્ગુણોવાળો હશે તો તેના વિદ્યાર્થીઓ આપોઆપ શિસ્તવાળા બનશે. **શિસ્તબધ્ધ શિક્ષકના વર્ગમાં સ્વયં શિસ્તનું વાતાવરણ હોય છે.**

વિદ્યાર્થીઓ ભૂલ કરે તો , શિક્ષકની માફ કરવાની ફરજ છે. શિક્ષકમાં ક્ષમા આપવાની ઉદારતા હોવી જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓ પ્રત્યે પૂર્વગ્રહથી જોવાનું પણ ત્યાગવું જોઈએ. '**ક્ષમા વીરસ્ય ભૂષણમ્**' એ સુવિચાર પ્રમાણે શિક્ષકે વિદ્યાર્થીની ગમે તેટલી મોટી ભૂલને રાઈ જેવડી ગણીને માફ કરવી જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓને ક્ષમા આપવામાં કંજુસાઈ ત્યજવી જોઈએ.

શિક્ષકમાં **કરુણાનો ગુણ** પણ હોવો જોઈએ. વર્ગના ગરીબ વિદ્યાર્થીઓને જોઈ તેનામાં ભારોભાર આર્દ્રતા પ્રગટવી જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓને સહાયરૂપ થવાની ભાવના મૂર્તિમંત કરવી જોઈએ. બૌધ્ધિક રીતે પછાત બાળકોને અભ્યાસમાં વધુ માર્ગદર્શન આપવું જોઈએ. આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને કપડાં, પુસ્તકો, ફી વગેરેની સહાય જ્યાંથી મળે ત્યાંથી મેળવી આપવી જોઈએ. આ રીતે **શિક્ષક કરુણાનો સાગર** હોવો જોઈએ. શિક્ષકની કરુણા વિશ્વશાંતિ સુધી વિસ્તરેલી હોવી જોઈએ.

મિત્રો, ડૉક્ટરોની દવા કે ઈન્જેકશન દ્રવ્ય કે કીર્તિ તાત્કાલિક રળી આપે, વકીલની દલીલબાજી સ્વલ્પ સમયમાં ફળદાયી નીવડે, પણ શિક્ષકે તો માતાની જેમ એક પેઢી સુધી ધીરજ ધરવાની હોય છે. શિક્ષકનું અધ્યાપકનું કાર્ય એકાદ પચ્ચીસી પછી ઊગી નીકળે છે. ૨૫-૩૦ વર્ષની કામગીરીમાં ઉત્તમ વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરનાર શિક્ષકનું વળતર લાખે લેખા કરતાં ડૉકટર, વકીલ કે સફળ વેપારી કરતાં રજમાત્ર કમ નથી. સ્થૂળ કમાણીની ત્રિરાસી માંડી શકાય, આંતરિક જ્ઞાનસંપદાની નહીં, માતાના ધાવણનું મૂલ્ય મિત્રો શું હોઈ શકે ?

પારણાથી તે સ્મશાન સુધીની નહિ, પણ ગર્ભધાનથી તે નવજન્મ શિશુ સુધીની શિક્ષણની પ્રક્રિયા ધારાવાહી રહેવી જોઈએ, અને શિક્ષક માટેનું શિક્ષણ એ તો જીવનભરની સાધના બનવી જોઈએ. અને જો આમ બનશે તો શિક્ષણક્ષેત્રે દેશની આવતીકાલ કંઈક જુદી જ હશે. વિનોબાએ સાચે જ કહ્યું છે કે, "જે રાષ્ટ્ર શિક્ષકની કદર કરતું નથી, તે ડૂબે છે. શિક્ષણના માળખાનો પ્રાણ, એ માળખાનો રચનારો સ્થપતિ સુજ્ઞ અને સાજોતાજો નહિ હોય તો ગમે તેવું સોનેરી માળખું તૂટીને જમીનદોસ્ત થશે."

* * *

- સંકલન

# રાષ્ટ્રની જીવાદોરી – રાષ્ટ્રીય એકતા

કોઈપણ રાષ્ટ્રની સદ્ધરતા, સ્થિરતા, સલામતી અને વિકાસનો આધાર તેની રાષ્ટ્રીય એકતા પર રહેલો છે. જેમ સિમેન્ટ કોરો હોય ત્યાં સુધી ફુદ્દો હોય છે; પણ એમાં પાણી ઉમેરાય અને પછી એ સૂકાય ત્યારબાદ એનાથી થયેલાં બાંધકામ ઉપર પાણી છંટાતા એ વધુ દૃઢ અને મજબૂત બને છે. જેને આધારે સેંકડો ફીટ ઊંચા પુલો, બંધો કે ઈમારતો સંગીન રીતે અડીખમ જઈને ઊભાં રહે છે; તેમ રાષ્ટ્રીય એકતા એ પણ દેશની ઈમારત માટે સિમેન્ટ એટલે કે વજ્ર-ચૂર્ણ સમાન છે. રાષ્ટ્રીય એકતા વગરનો દેશ પ્રાણ વિનાના ખોળિયા જેવો કે પાયા વગરની ઈમારત જેવો છે.

'એક હૃદય હો ભારત જનની' એ ત્યારે જ સાર્થક બને જ્યારે દેશના તમામ પ્રજાજનો એક બીજાને એક જ જનનીના સંતાન એવા બંધુએ સમજે. કવિ કાન્તે એક પ્રાર્થના કાવ્યમાં ગાયું છે :

"ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સહુ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !
હિન્દુ અને મુસલમિન, વિશ્વાસી પારસી, જિન,
દેવી ! સમાન રીતે સંતાન સહુ તમારાં !"

શૌર્યકવિ શ્રી ખબરદારે વ્યક્ત કહેલી આ સુંદર રાષ્ટ્રીય ઐક્યની ભાવનાને માત્ર કવિતામાં જ નહિ, પણ મગજ અને હૃદયમાં ઓતપ્રોત કરવાની જરૂર છે. ભારતમાં આપણે રાષ્ટ્રગીતમાં ગાઈએ છીએ, -

"પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ ઉત્કલ બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિ-તરંગ,"
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માંગે."

આમ, ભારતમાં અનેક રાજ્યો તો છે જ, પરંતુ રાજ્યો જે આધારે બન્યાં છે તે ભાષાઓ બોલતાં તેમાં વિવિધ ભાષી લોકો પણ છે. આમ, ભારત વિવિધ ભાષા, આચાર-વિચાર, રહેણી-કરણી, સંસ્કાર, સંસ્કૃતિ, પોશાક અને ખોરાક ધરાવતાં અને ખાસ કરીને વિવિધ ધર્મ ધારણ કરતાં પ્રજાજનોનો છે. તેથી ભારત વિવિધતામાં એકતા અર્થાત્ ' Unity in diversity ' કહેવાય છે.

આપણા દેશમાં રાષ્ટ્રીય પર્વોની ઉજવણીઓ થાય છે, પણ એ ઉજવણીઓ માત્ર ઔપચારિક બની જાય છે. એ ઉજવણીઓ પાછળનું હાર્દ વિસારી દઈ આપણે માત્ર જલસો કરીએ છીએ. હવે એ ઉજવણીઓ પ્રજાની રહી નથી, કિન્તુ સરકારી બની બેઠી છે. એણે આપણે પ્રજાની ઉજવણી બનાવીએ અને તે ઉજવણીમાં પ્રજાના હક્ક-અધિકાર અને જવાબદારીઓનું હાર્દ સમજીને અને એના રક્ષણ કાજે જાગૃત બનીએ તો જ આપણે પ્રજાની સર્વોપરિતા સાચવી શકીશું.

'જન-ગણ-મન', વંદે માતરમ્, 'સારે જહાઁ સે અચ્છા', 'અયિ-ભુવન મનમોહિની' વગેરે રાષ્ટ્રીય ગીતોનું ભાવાત્મક ઐક્ય જો સાચા અર્થમાં સધાય તો રાષ્ટ્રીય એકતાને ઊણી આંચ પણ આવે નહિ. આ રાષ્ટ્રીય ગીતોમાં રાષ્ટ્રદૃષ્ટિ અને રાષ્ટ્રભક્તિ પણ ભળી છે; અને એ રાષ્ટ્રભક્તિ વિશ્વશાંતિને આવકારે એવી વિશાળચિત્ર છે.

આપણા અડીખમ નવજવાનો આપણી લાંબી સરહદોનું રાત-દિવસ સંરક્ષણ કરે છે, પણ ઐતિહાસિ દૃષ્ટિએ રાષ્ટ્રીય એકતાની બાબતમાં આપણે ગૌરવ લઈ શકીએ તેમ નથી. આપણી સ્વાર્થબુદ્ધિ, ભેદબુદ્ધિ, આપણો આંતરિક કલેશ અને આપણી સંકુચિત સાંપ્રદાયિક વફાદારીએ આપણી રાષ્ટ્રીય એકતામાં ગાબડાં પાડ્યાં છે. વિવિધ પ્રાદેશિક પક્ષો, ભાષાવાદ, જ્ઞાતિવાદ, રાજ્યવાદ, સંપ્રદાયવાદ, રાષ્ટ્રભાષાનાં પ્રશ્નો, નદી-પાણીના પ્રશ્નો, લિપિના પ્રશ્નો - જેવાં અનેક પ્રશ્નો અને વિચારો આપણી રાષ્ટ્રીય એકતાના મૂળમાં કુઠારઘાત કરે છે. આને કારણે જ આપણી ભાવાત્મક એકતા જામતી જ નથી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી, આપણે **રાષ્ટ્રધર્મ** ભૂલીને, રાષ્ટ્ર અને ધર્મ બંનેને જુદા પાડીને, ધર્મને જ રાષ્ટ્રમાં વધુ મહત્ત્વના સ્થાને સ્થાપવાના પ્રયત્નો કરી રહ્યા છીએ. ધર્મ આધારે સ્થપાતું રાષ્ટ્ર હંમેશાં પ્રજામાં અનેક ઘર્ષણો ઊભાં કરતું રહ્યું છે, જેનો ઇતિહાસ સાક્ષી છે. ધર્મના નામે સ્થપાતા રાષ્ટ્રોમાં અનિષ્ટ સિવાય બીજું કશું મળતું નથી. માત્ર ધર્મને જ હાથો બનાવીને રાજકીય આંદોલનો કરવા એ શું યોગ્ય છે ? છેલ્લાં થોડા વર્ષોમાં ભારતમાં શ્રીરામ જન્મભૂમિ, બાબરી મસ્જિદ કે ખાલીસ્તાન જેવાં ધાર્મિક વાડાબંધીને પોષનારાં આંદોલનો થયા છે. ધર્મના નામે સ્વાર્થી રાજ્યકર્તાઓ, અસામાજિક તત્ત્વો કે ત્રાસવાદીઓ ઠેર ઠેર પ્રજામાં ઉશ્કેરણી કરે છે, લૂંટફાટ અને તોફાનો, દ્વારા કાળોકેર વર્તાવે છે. ધર્મપ્રેમી પ્રજા રાજકીય સ્વાર્થ સાધનાર આ તકવાદીઓને ઓળખે તે જરૂરી છે. તેઓને ખુલ્લા પાડી તેમનો વિરોધ કરવો જોઈએ. **પ્રજાકીય શાસનમાં રાષ્ટ્રથી મહાન કશું જ ન હોવું જોઈએ. રાષ્ટ્ર અને ધર્મ શબ્દને એક કરવાનો સમય હવે પાકી ગયો છે.**

આ રાષ્ટ્રધર્મમાંથી જ રાષ્ટ્રીય એકતા જન્મે છે. રાજ્ય કે રાષ્ટ્રમાં વસતા લોકો ભિન્ન ભિન્ન વર્ગના, જ્ઞાતિના અને ધર્મના હોય છે. આ બધા પરસ્પર સુસંવાદિતા સાધી ટકી રહે એવું નિયામક પરિબળ એ જ રાષ્ટ્રીય એકતા, સમગ્ર રાષ્ટ્ર એક અને અખંડિત રહે એવી ભાવના તે રાષ્ટ્રીય એકતા. કોઈપણ રાષ્ટ્ર કે રાજ્યની સલામતી અને તેના વિકાસનો આધાર તેની રાષ્ટ્રીય એકતા પર રહેલો છે. આજે રાષ્ટ્રીય એકતાના અભાવે આપણા દેશમાં દાણચોરી અને ઘૂષણખોરી જેવાં પરિબળો વધુ સક્રિય થયાં છે. આનાથી દુશ્મન રાજ્યોને જ વિશેષ લાભ થાય છે. આપણું અર્થતંત્ર છિન્નભિન્ન બને છે. અને સરવાળે દેશનું મોટું નુકસાન થાય છે. આજે ભ્રષ્ટાચારે ચારે બાજુથી ભરડો લીધો છે. લાંચ-રૂશ્વતે માઝા મૂકી છે. લગવગનું દૂષણ ફુલ્યું-ફાલ્યું છે. આ બધાં કારણે રાષ્ટ્રની એકતા જોખમાય તે સ્પષ્ટ બાબતછે. કેટલાંક સામાજિક તત્ત્વો ભ્રષ્ટાચારથી અને હિંસાથી ચૂંટણી જીતી સત્તાના સિંહાસનને આરૂઢ થયેલા, આજે આપણે જોઈ શકીએ છીએ. રાષ્ટ્ર માટે પોતાનું સ્વાર્પણ કરનાર, રાષ્ટ્ર માટે પોતાની સંપત્તિ વેડફી દેનાર દેશપ્રેમી નેતાઓની પેઢી આજે આથમી ગઈ છે. હવે રાષ્ટ્રની સંપત્તિ લૂંટીને પોતાની તિજોરીઓ ભરતાં સ્વાર્થી, પોલા,બોદા, વામણા નેતાઓની નવી પેઢી આવી છે. ધર્મની ભેળસેળ કરનારાઓએ જ આ દેશની એકતામાં મોટો ધક્કો પહોંચાડયો છે. **પ્રજાની લાગણીઓને ભડકાવી પોતાનો રોટલો શેકનારાઓનો, પારકાના દીકરાને જતિ બનાવનારાઓનો આ દેશમાં ટોટો નથી.**

આજે આઝાદીના ૬૯ વર્ષ પછી દેશમાં દેશભક્તિનો જુસ્સો ઘસાઈ ગયો હોય તેમ લાગે છે. મિત્રો, જે દેશના લોકોની દેશભક્તિ મરી પરવારી હોય તેને કોઈ ક્યારેય બચાવી શકતું નથી. આપણા દેશના નાગરિકોએ ગુલામી જોઈ નથી, ગુલામીના અત્યાચારોને સહન કર્યાં નથી. મા ભારતની પરતંત્રતાની બેડીઓ તોડવાના સંઘર્ષથી તેઓ સદંતર અપરિચિત છે. પ્રસૂતિની પીડા વાંજણી શું જાણે ?

રાષ્ટ્રીય એકતા સિદ્ધિ કરવા માટે આપણે ધર્મ-કોમ અને જ્ઞાતિનું રાજકારણ સાથેનું લગ્ન તોડવું પડશે. આપણા જીવનમાં પહેલા જે સ્થાન ધર્મનું હતું તેથીયે વિશેષ સ્થાન આજે રાજકારણે જમાવ્યું છે. દૂષિત રાજકારણ અને અજ્ઞાન ગરીબાઈથી વિપરીત દિશામાં ગતિ કરતી આપણી લોકશાહી-ચૂંટણીઓએ રાષ્ટ્રીય ઐક્યની દીવાલમાં સુરંગ ચાંપી છે. આપણામાં સૂઝ છે, પણ રાજકીય પરિપકવતા (Political Maturity) નથી. આપણામાં બુદ્ધિ છે પણ સમજણ-સહિષ્ણુતા નથી. યોગ્ય શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય ઐક્યની મનોદશા કેળવાય તો જ રાષ્ટ્રીય એકતા સાચા અર્થમાં શક્ય બનશે.

રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય તો આપણે મેળવ્યું. આર્થિક અને સામાજિક સ્વાતંત્ર્ય પ્રાપ્તિની દિશામાં આપણા પ્રયત્નો કેન્દ્રિત થતા જાય છે. આજે એમાં ગતિ અને તેજી લાવવાની તાતી જરૂરિયાત છે. હજી આ દેશમાં વ્યાપ્ત ઘણા બધા પ્રશ્નો ઉકેલવાના બાકી છે. આ બધા પ્રશ્નો ઉકેલાય નહિ ત્યાં લગી પ્રજાના ચિત્તમાં તડાં પડવાનાં, અજંપો રહેવાનો, જે રાજ્ય અને રાષ્ટ્રની સલામતી માટે ભયાવહ છે.

ટૂંકમાં, આપણે આપણી ફરજો અદા કરી, ભારતની નૈતિક સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઉત્ક્રાંતિમાં યોગ્ય વેગ લાવીશું, રાષ્ટ્ર પ્રેમની વિશુદ્ધ ભાવના જન્માવીશું તો આ દેશની આવતીકાલ જરૂર ઉજ્જવળ બનશે. એમાં મને શ્રદ્ધા છે.

આપણે આપણાં રાષ્ટ્રની આધારશિલા સમી રાષ્ટ્રીય એકતા નહિ જાળવીએ તો આ દેશની મહામૂલી આઝાદી આપણે સાચવી શકીશું નહીં. તો ચાલો, આપણે સૌ એક સાથે ગાઈએ અને રાષ્ટ્રપ્રેમ જન્માવીએ.

હિન્દી હૈ હમ-વતન હૈ હિન્દોસ્તાઁ હમારા,
સારે જહાઁ સે અચ્છા હિન્દુસ્તાઁ હમારા.

**- સંકલન : ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ.**

* * *

# જીવન સાધનામાં ભક્તિનું મહત્વ

**- ભૂતપૂર્વ અધ્યાપકશ્રી ડૉ. ગોવિંદ કાછીઅ**

ઈશ્વર પ્રાપ્તિના જુદા જુદા માર્ગોમાંથી મુખ્ય ચાર-જ્ઞાન, કર્મ, યોગ, અને ભક્તિ વિશેષ જાણીતા છે. આ ચારમાંથી કોઈપણ એકનું આલંબન લઈને સંતોએ, ભક્તોએ, સાધકોએ, પરમતત્ત્વના મતવાળા આરાધકોએ ઈશ્વરની આરાધના-ઉપાસના કરી છે. ઈશ્વરની આરાધના માટેના અ ભિન્ન ભિન્ન માર્ગોમાંથી ભક્તિમાર્ગ વિશેષ જાણીતો છે. લોકોને એ વિશેષ થઈ પડ્યો છે. એ રીતે જોઈએ તો ભક્તિ તો માનવહૃદય જેટલી જૂની છે ભક્તિનો માર્ગ સર્વજનસુલભ છે. ભક્તિમાર્ગમાં ભેદભાવને કોઈ સ્થાન નથી. આ ભક્તિમાર્ગનું મુખ્ય સૂત્ર છે -પ્રેમ. પ્રભુની સાથે એકતા પામવા મા પ્રેમ સિવાય બીજી કોઈ વસ્તુની જરૂર નથી. પરમેશ્વરની અનન્યભાવે ભક્તિ કરવાથી, પરમાત્મા ભક્તને સહેલાઈથી મળે છે. એટલું જ નહીં ભક્તાધીન બની રહે છે.

'ભક્તિ' શબ્દ સંસ્કૃતના 'ભજ' ધાતુને 'તિ' પ્રત્યય લાગવાથી બન્યો છે. ધાતુનો અર્થ 'સેવા કરવી' અને પ્રત્યયનો અર્થ 'પ્રેમ' એવો થાય છે. ભક્તિમાં પ્રેમ અને સેવા બન્ને અપેક્ષિત હોવા છતાં પ્રેમયુક્ત સેવાને ભક્તિ કહી શકાય. સેવા એ શારીરિક ક્રિયા છે. જ્યારે ભક્તિમાં મન અને શરીર બન્નેનો ભાવ નિહિત છે. ભક્તિ વગરની માત્ર એકલી સેવા શુષ્ક બને છે. સાચી સેવામાં પ્રેમનો ભાવ મૂર્તિરૂપે રહેલો હોય છે. પ્રેમ વિનાની સેવ કલેશપ્રદ બને છે, અને તે ઈચ્છનીય પણ નથી. પ્રેમની પૂર્ણતા સેવામાં છે. પ્રેમ તેનું મૂળ છે અને સેવા તે મૂળમાંથી વહેતી ગંગા જેવી છે.

ભક્તિનાં મૂળ ભાગવતમાં જ નહિ, એની પૂર્વે ઋગ્વેદની ઋક્સંહિતાઓમાં ઉપલબ્ધ છે. ઋગ્વેદ પહેલાં, આર્યોની પહેલાં પણ આર્યેતર દ્રવિ વગેરે પ્રજામાં ભક્તિનું સ્વરૂપ સંશોધકોને જોવા મળ્યું છે. વેદ-મંત્રોમાં ભક્તિ-ભાવનું તત્ત્વ નિહિત છે. પરંતુ ત્યાં 'ભક્તિ' શબ્દનો પ્રયોગ જોવ મળતો નથી. ઋગ્વેદ પછી અને ઉપનિષદ્ સુધીના સમયગાળામાં ભક્તિની ભાવના વધારે સંકુચિત અને વધુ નિર્દેશાત્મક બનતી જાય છે **'ઈશ્વરનુંરક્તિ' એ અર્થમાં ભક્તિશબ્દ સૌ પ્રથમ શ્વેતાશ્વતર ઉપનિષદમાં પ્રયોજાયો છે.** એ જ ઉપનિષદમાં પ્રયત્તિનો નિર્દેશ મળે છે. એ પછી તૈત્તરિય, બૃહદારણ્યક આદિ ઉપનિષદોમાં ભક્તિના સ્વરૂપની સ્પષ્ટ પ્રતીતિ મળે છે. **નારદભક્તિસૂત્ર અને શાણ્ડિલ્ય ભક્તિસૂત્રમાં ભાગવ ભક્તિની જેમ, ભક્તિને કર્મ-જ્ઞાન-યોગ કરતાં ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે.**

આપણાં ધર્મગ્રંથોમાં-શાસ્ત્રોમાં ભક્તિનું ભારોભાર મહિમાગાન થયેલું જોવા મળે છે. ભક્તિનું મહત્ત્વ આપણે ત્યાં ઠેઠ વેદકાળથી જોવા મળ છે. શંકરાચાર્ય જેવા જ્ઞાનમાર્ગી અનેક સ્તોત્રો રચી ભક્તિમાહાત્મ્ય દર્શાવે છે. રામાનુજ અને વલ્લભાચાર્ય તો ભક્તિમાર્ગના જ પ્રણેતા મનાય છે જુદાજુદા દેશકાળમાં ભક્તિકવિઓએ ભક્તિનું મનભર ગાન કર્યું છે. ગુજરાતી સાહિત્યના આદિકાળમાં નરસિંહ-મીરાં, બંગાળના ચંડીદાસ-મહાપ્ર ચૈતન્ય, મહારાષ્ટ્રના તુકારામ-રામદાસ આદિ ભક્તોએ એ જ વાત કરી છે.

શ્રી નારદમુનિ અને શ્રી શાણ્ડિલ્ય જે ભક્તિના મહાન આચાર્યો ગણાય છે, તેમણે ભક્તિનાં સિદ્ધાંતોનું સ્પષ્ટ અને સુરેખ દર્શન કરાવ્યું છે. શ્ નારદમુનિએ ભક્તિના સિદ્ધાંતો સમજાવતાં ચોરાસી (૮૪) ભક્તિસૂત્રો લખ્યાં છે, અને એ પ્રકારનાં જ સો ભક્તિસૂત્રો શ્રી શાણ્ડિલ્યએ લખ્યાં છે જેમાં ભક્તિના સિદ્ધાંતો નિરૂપાયેલાં જોવા મળે છે.

**ભક્તિ એટલે શ્રદ્ધાયુક્ત પ્રેમ.** ગીતાની 'મય્યર્પિતમનો બુદ્ધિર્યો મદ્ભક્તઃ સઃ મે પ્રિયઃ' ઉક્તિ પ્રમાણે મન-બુદ્ધિ પ્રભુમાં અર્પી પ્રેમ શ્રદ્ધાથ આરાધ્યદેવની ઉપાસના કરવી તેનું નામ ભક્તિ. **ભક્તિ એટલે ભગવાનની સેવા.** પ્રભુપ્રાપ્તિ માટે ભક્તિ આવશ્યક છે. ભક્તિની વ્યાખ્યા આપત શ્રીનારદ મુનિ કહે છે કે, **'પ્રભુ પ્રત્યે એકનિષ્ઠ પ્રેમ જે ભક્તિ'** અથવા **'પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ એ જ ભક્તિ'** નારદે 'ભક્તિસૂત્ર'માં ભક્તિને આ રી **'પરમપ્રેમરૂપા'** ને **'અમૃતસ્વરૂપા'** કહી છે. તો મુનિ શાણ્ડિલ્ય ભક્તિની વ્યાખ્યા આપતાં કહે છે, **'ઈશ્વર પ્રત્યે દૃઢ અનુરાગ એ ભક્તિ'. 'ભક્તિ શબ્દ સૂચવે છે તેમ એમાં પ્રેમ-ભાવ અંતર્નિહિત છે. પ્રેમ વગરની ભક્તિ હોઈ શકે જ નહીં ? ભક્તિની વિશેષતા એ છે કે તેમાં કોઈ સાધનની જરૂરી નથી પરંતુ ફક્ત હૃદયનો સાચો પ્રેમ જ પ્રભુને પ્રાપ્ત કરવા પૂરતો છે. દીનતા-શરણાગતિ-સેવા-સત્સંગ વગેરેથી ભગવાન પ્રસન્ન થઈ સેવકને-ભક્ત ભક્તિનું દર્શન કરાવે છે. 'અંતઃકરણની શુદ્ધિ' એ પ્રભુને નિષ્કામ-નિર્ગુણ ભક્તિની સીડીનું પ્રથમ પગથિયું છે.** ભગવાન ભક્તિથી ભક્તને એવા વ થઈ જાય છે કે રાઈ જેટલી સેવાનું ફળ મેરુ પર્વત જેટલું આપે છે અને સાગર જેટલાં અપરાધોને પાણીના ટીપાં જેટલાં પણ ગણતા નથી.

શ્રીમદ્ ભાગવતએ પુરાણ માત્ર નથી, બલ્કે એક મહાન કાવ્યગ્રંથ છે. ભાગવત એટલે ભક્તિનું મહાકાવ્ય. શ્રીમદ્ ભાગવતમાં ભક્તો

ભિન્ન-ભિન્ન પ્રકૃતિ અનુસાર ભક્તિના નવ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. રૂપગો સ્વામીએ એમની પ્રખ્યાતકૃતિ 'ભક્તિસંદર્ભ'માં ભક્તિના ત્રણ પ્રકારો ગણાવ્યા છે : (૧) આરોપ સિદ્ધા ભક્તિ (૨) સંઘ સિદ્ધા ભક્તિ અને (૩) સ્વરૂપ સિદ્ધા ભક્તિ, શ્રીમદ્ ભાગવતની નવધાભક્તિ સ્વરૂપ સિદ્ધા પ્રકારમાં આવે છે.

શ્રીમદ્ ભાગવત પ્રમાણે ભક્તિના નવ પ્રકારો અને તેના આદર્શ આ પ્રમાણે છે : (૧) શ્રવણભક્તિ-પરીક્ષિતરાજા, (૨) કીર્તનભક્તિ-શુખદેવજી, (૩) પાદસેવનભક્તિ-લક્ષ્મીજી, (૪) સ્મરણભક્તિ-પ્રહ્લાદ, (૫) અર્ચનાભક્તિ-પૃથુરાજા,(૬) વંદનભક્તિ-અક્રૂરજી, (૭) દાસ્યભક્તિ-હનુમાનજી, (૮) સાખ્યભક્તિ-અર્જુન અને (૯) આત્મનિવેદનભક્તિ-વ્રજની ગોપીઓ. એ જ પ્રમાણે શ્રી નારદમુનિ 'ભક્તિસૂત્રો'માં ભક્તિના અગિયાર, પ્રકારો આ પ્રમાણે દર્શાવે છે : (૧) ગુણ માહાત્મ્ય શક્તિ, (૨) કૃપાશક્તિ, (૩) પૂજાશક્તિ, (૪) સ્મરણશક્તિ, (૫) દાસશક્તિ , (૬) સખ્યાશક્તિ, (૭) કાંન્તા શક્તિ (પરમાત્માને પ્રિયતમરૂપે માને છે તે), (૮) વાત્સલ્ય શક્તિ, (૯) આત્મનિવેદન શક્તિ (૧૦) તન્મયા શક્તિ અને (૧૧) પરમ વિરહાશક્તિ.

શ્રીમદ્ ભાગવતમાં નવ પ્રકારની અને છેલ્લી આત્મનિવેદન ભક્તિ દર્શાવી છે. તો 'ભક્તિસૂત્ર' કાર નારદ પણ નવમી ભક્તિને આત્મનિવેદન ભક્તિ કહે છે. આ બંને ભક્તિનો પ્રકાર એક જ છે, અને તે પ્રેમલક્ષણા ભક્તિના મૂળમાં રહેલો સિદ્ધાંત છે.

ભક્તિના સ્વરૂપના બે મહત્ત્વના અંગો પૂરેપૂરા સમજાય તો એમાં જ પ્રેમલક્ષણાભક્તિનો સિદ્ધાંત સ્ફૂટ થાય છેઃ એક ભક્તિ સ્વયમ્ પદરૂપા છે. એટલે કે સંસારની કોઈપણ સમૃદ્ધિ અને તેથી પણ પર જીવાત્મા અને મોક્ષએ કશાને સાચો ભક્ત ચાહતો નથી. મુક્તિને તો એ તુચ્છકારે છે. તો બીજી તરફ ભક્તિનો પ્રયત્તિનો સિદ્ધાંત પણ એટલો જ મહત્ત્વનો છે. શરણાગતિ અને આત્મસમર્પણ પ્રયત્તિના બે સિધ્ધાંતો છે. પત્નીએ પતિની ઈચ્છાઓને શક્ય એટલે અંશે અનુકૂળ થવાનું છે, તેમ ભક્તે પણ ભગવાનની ઈચ્છાઓને અનુકૂળ રહેવાનું છે. આ છે પ્રયત્તિનો સિદ્ધાંત. શ્રીમદ્ ભાગવતમાં આત્મનિવેદન ભક્તિનું દૃષ્ટાંત વ્રજની ગોપીઓનું આપવામાં આવ્યું છે, અને ગોપીઓની ભક્તિએ પ્રેમલક્ષણા ભક્તિ હતી. આથી જ 'ભક્તિસૂત્ર' કાર નારદ આત્મનિવેદન પછીની ભક્તિની બે સ્થિતિઓને ભિન્ન-ભિન્ન સ્વરૂપે વર્ણવે છેઃ (૧) તન્મયા શક્તિ અને (૨) પરમ વિરહા ભક્તિ.

આત્મનિવેદન, તન્મયતા અને વિરહ એ ત્રણે પ્રેમલક્ષણા ભક્તિના જ ભિન્ન ભિન્ન સ્થિતયાંતરો છે, અને પ્રેમલક્ષણા ભક્તિને એ સ્પષ્ટ રૂપે સમજાવે છે. પોતાની જાતને પ્રભુને અર્પણ કરી દેવી એટલે આત્મનિવેદન. પ્રભુ વિના બીજા કશાનું દર્શન ન થાય એ તન્મયાવસ્થા અને પ્રભુનું ધ્યાન ભૂલાઈ જાય ત્યારે અત્યંત દુઃખ થાય એ વિરહસ્થિતિ. આ ત્રણે પ્રેમલક્ષણા ભક્તિના ભિન્ન ભિન્ન આવિર્ભાવો છે. 'રસિકવલ્લભ'કાર દયારામે એમની સાંપ્રદાયિક કૃતિ 'રસિકવલ્લભ' માં નવધાભક્તિને સાધનરૂપ ગણાવી છે અને પ્રેમલક્ષણા ભક્તિને સાધ્યરૂપ કહી છે. 'રસિકવલ્લભ' માં આત્મનિવદેશન સુધીની નવધાભક્તિને આવરણ વિક્ષેપનો ભય છે એમ કહ્યું છે; પરંતુ પ્રેમલક્ષા ભક્તિને કોઈ જાતનો ભય નથી. નવધાભક્તિથી પર આ દશમી ભક્તિને ભક્તકવિ દયારામ પ્રેમલક્ષણા ભક્તિ-પરાભક્તિ-મધુરાભક્તિ કહે છે; અને એની પર ચાર અવસ્થાઓ બતાવે છે : (૧) પ્રેમ, (૨) આશક્તિ (૩) વ્યસન અને (૪) તન્મયતા. નવધાભક્તિ કરતાં પ્રેમલક્ષાભક્તિની વિશેષતા દર્શાવતાં કવિ દયારામ કહે છે :

" નવધા ખરી પણ પ્રેમભક્તિનું બળ છે સત્ય,
તે વિના રસિક ચૂડામણિ હરિ વશ ન થાય એ જ સત્ય."

નવધાભક્તિનું મહત્ત્વ દર્શાવતાં પ્રેમલક્ષણાભક્તિના ગાયક કવિ નરસિંહ મહેતા કહે છે :

" નવધામાં તો નથી નિવેડો, દશધામાં દેખાશે રે,
અચવ્યો રસ છે એની પાસે, પ્રેમી જનને પાસે રે."

" નારદભક્તિસૂત્રો"માં ૧૮ મા સૂત્રમાં પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ સમજાવતાં શ્રીનારદમુનિ કહે છે કે, સર્વ કર્મોનું પ્રભુમાં સમર્પણ અને પ્રભુના વિસ્મરણમાં વ્યાકુળતા ઉત્પન્ન થવી એ જ સારી રીત છે, અને વ્રજની ગોપીઓની ભક્તિને દૃષ્ટાંત તરીકે આલેખે છે. પ્રેમલક્ષણા ભક્તિમાં ઈશ્વરને પ્રિયતમરૂપે કલ્પી, ગોપીભાવે સંપૂર્ણ આત્મસમર્પણ કરવામાં આવે છે : પ્રેમલક્ષણા ભક્તિનું મહત્ત્વ ગાતાં દયારામે કહ્યું છે :

" છે શ્રવણ પહેલી ભક્તિ
કીર્તન, સ્મરણ, પછી પાદસેવન, અર્ચન, વંદનભક્તિ;
દાસત્વભક્તિ, સખ્યતા, આત્મનિવેદન નામ.
તે ઉપર દશમી પ્રેમભક્તિ અતિપ્રિય ઘનશ્યામ."

ભક્તિની ઉત્તમ અવસ્થાએ પહોંચતા ભક્તને કોઈ પણ જાતની ઈચ્છા રહેતી નથી. ઈચ્છામાત્ર અહીં વિગલિત થઈ જાય છે. ભગવાનની ઈચ્છા એજ ભક્તની ઈચ્છા થઈ રહે છે. અહીં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની જેમ ભક્ત, ભક્તિ અને ભગવાન એકરૂપ-સમરસ થઈ જાય છે. ખરેખર આ કળિયુગમાં ભક્તિ જ સર્વશ્રેષ્ઠ સાધન છે. માટે જ ઈશ્વરની ભક્તિ કરો અને સંસાર સાગર તરો. પ્રભાતિયાંના ગાયકકવિ નરસિંહ મહેતાએ ભક્તિનું ભારોભાર મહિમાગાન કરતાં ગાયું છે :

" ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે,
પુણ્ય કરી અમરાપુરી પાંમ્યા, અંતે ચોરાસી માંહી રે.
હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે,
નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે."

* * *

## વર્ગખંડ સેમિનાર : શું ભારતમાં કેશલેસ શક્ય છે ?

કેશલેસ એટલે કે નકદ કે જેમાં કોઈ રોકડ રૂપિયાની જરૂર પડતી નથી. હાલમાં આ પ્રકારની ચુકવણી શરૂ કરવામાં આવી છે. તે માટે ગુ પોતાનું ગુગલ વોલેટ રજુ કર્યું છે. આ ગુગલ વોલેટ પહેલેથી જ ટિકિટની ચુકવણી માટે ન્યૂજર્સીમાં કરવામાં આવે છે. પરંતુ તેનો વપરાશ માત્ર બે મ ગેલેક્સી સ્માર્ટફોન માટે મર્યાદીત છે. દરેક વસ્તુના ફાયદા અને ગેરફાયદા હોય છે. એ રીતે આ સિસ્ટમથી જીવન વધુ અનુકુળ બનાવે છે. કેટલાક મ છે કે તે રોકડ અને ક્રેડિટ કાર્ડનો છુટકારો મેળવવા માટેના અર્થમાં બનાવે છે. કંપનીઓ અને કેટલીક સરકારી સંસ્થાઓ કેટલાક લાભો માને છે. ક કે કેશલેસ સિસ્ટમ અંતિમ સમય બચતકાર તરીકે જાહેર જનતા માટે માર્કેટિંગ કરવામાં આવે છે. આ ટેકનોલોજીના વપરાશ કર્તાને સરળતાથી લોન કે ઉછીના પૈસા થોડા જ સમયમાં અને તે એક સ્માર્ટ ફોનથી કરી શકીએ છીએ. તેવી જ રીતે કોઈ પણ સ્થળે પૈસા વગર આપણે વસ્તુ ખરી શકીએ છીએ. તેવીજ રીતે આ સિસ્ટમ મોટા પાયે કામ કરવું મુશ્કેલ છે. આનાથી ગ્રાહકોને બિનજરૂરી અસુવિધા અને ગુંચવાળો થવાની વધુ શક્ છે. ગુગલ વોલેટ એ રોકડ અને ક્રેડિટ કાર્ડ કરતા વધુ સુરક્ષિત છે. કેટલાક હેકરો સ્માર્ટફોનને હેક કરીને વપરાશકર્તાની માહિતી મેળવી લે છે. એક તેનો સંકજામાં ફોન આવી જાય અથવા સોફ્ટવેર વાપરવા માટે PIN હેક કરીને તે વધુ લુંટી લે છે. માટે ગુગલ વોલેટએ બાયોમેટ્રિક ID ની સિસ્ટ ચાલે છે. આ પ્રકારના ક્રાઈમ રોકવા માટે સરકારે સાયબર ક્રાઈમ નામની બ્રાંચ બનાવવામાં આવી છે. જે જેમાં કોઈપણ સાયબરનો ગુનો નોંધાવી શ છે. અને તેના પર તે કડક પગલા ભરે છે. ઘણાં લોકો હજુ સુધી માને છે કે આ મોટી વાતો છે. તેની ગેરંટી આપવામાં આવે છે. પરંતુ ભારત સર પહેલેથી જ છેતરપિંડી રોકવા માટે બાયોમેટ્રીક સિસ્ટમથી શરૂ કરી છે. માટે આ કેશલેસ સિસ્ટમ એ ફાયદાકારક અને નુકસાનકારક પણ છે.

- પટેલ જીકલ આર. (રોલ નં. ૭૨, બી.એ.સેમી.

* * *

## સ્વામી વિવેકાનંદની દ્દષ્ટિએ આજના યુવાનોની ભૂમિકા

સમગ્ર ભારતમાં જ નહિ પરંતુ વિશ્વમાં બહુ જ ઓછી વ્યક્તિ હશે જે સ્વામી વિવેકાનંદના નામથી અપરિચિત હોય.

સ્વામી વિવેકાનંદનો અર્થ જ વિવેકી અને આનંદિત થાય છે. તેમણે તેમના ખૂબ જ ટૂંકા જીવનમાં સમગ્ર ભારતનું નામ રોશન કર્યું હતું. તેથી ભારતીય હોય અને તેમને ન જાણતાં હોય તેવું ન બની શકે. વિશ્વ હિન્દુ પરિષદમાં તેમણે ભારતીયોનું નેતૃત્વ ભજવ્યું હતું. અને ત્યાં તેમણે તેમ તત્ત્વજ્ઞાની વિચારોથી સર્વ શ્રોતાઓ ને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના લોકોને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં.

સ્વામી વિવેકાનંદ જેટલા જ હોશિયાર અને વિવેકી હતા તેટલા જ કર્મવાદી પણ હતા એટલે તો તેમણે કહ્યું છે કે...

"Atise ! Awake And Stof not
Till The goal Is Reached."

એટલે કે "ઊઠો, જાગો અને તમારા ધ્યેયની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી કર્મ કરતા રહો અને મહેનત કરતા રહો.".

આજના યુગમાં યુવાનોને સ્વામી વિવેકાનંદની દ્દષ્ટિએ તેમના વિચારોને ધ્યાનમાં રાખીને પોતાનું જીવવું જોઈએ.

સૌ પ્રથમ તો આપણાં ભારતદેશની વાત કરીએ તો સમગ્ર ભારતમાં ૫૫% થી વધારે યુવાનો છે. કોઈ પણ દેશના વિકાસનો આધાર તે દેશ યુવાન નાગરીકો પર રહેલો છે. તેથી જો આપણે આપણા ભારત દેશને પ્રગતિના પંથ ઉપર ચલાવવો હોય તો દેશના આપણે આપણી ભૂમિકા સમ અને વિચારીને પૂરી ઈમાનદારીપૂર્વક ભજવવી પડશે.

જો આપણી જ વાત કરીએ તો, અત્યારે આપણે વિદ્યાર્થી નાગરીક તરીકે છીએ. અને વિદ્યાર્થી તરીકેની આપણી ફરજ છે, કે આપણે વિદ્ય તરીકેની ફરજ, જવાબદારી, ભૂમિકા સારી રીતે નિભાવીને આપણે આપણા દેશના વિકાસમાં સારો એવો ફાળો આપી શકીએ.

હું એમ નથી કહેતો કે કોલેજમાં આપણે ઈન્જોયમેન્ટ ના કરીએ, પણ એન્જોય કરવામાંજ તમારી જિંદગીના વર્ષો તમારી જિંદગીનો કીમ સમય વીતી ના જાય તે પણ આપણે ધ્યાન રાખવું જોઈએ.

આ દુનિયામાં દરેક વ્યક્તિને કંઈકને કંઈક કર્મ કરવા માટે જ આગમન થયું છે, અને કર્મ-મહેનત એટલે કે તેમની ભૂમિકા સારી રીતે ભજવનારની કોઈ ઈજ્જત હોતી નથી અને તે આ પૃથ્વી પર બોજ સમાન છે. દરેક વ્યક્તિનું કાર્યક્ષેત્ર અલગ અલગ હોઈ શકે છે. નોકરિયાત વર્ગનું ક નોકરી કરવાનું છે. મજૂરિયાત વર્ગનું કામ મજૂરી કરવાનું છે. અને વિદ્યાર્થીઓનું કામ સારું ભણીને પોતાનું, પોતાના માતા-પિતા, શિક્ષકો, વડી અને પોતાનાં દેશનું નામ ઉજ્વળ કરવાનું છે.

દુનિયાના દરેક વ્યક્તિએ પોતાનું જીવન ટકાવી રાખવા માટે કંઈકને કંઈક કર્મ કરતાં જ રહેવું પડે છે. તેના વગર તેમને છૂટકો જ નથી, પરંતુ પ એ છે કે તે કર્મ મનુષ્ય કંઈ રીતે કરે છે. જો કે ખરાબ કર્મ કરે તો તેને તેનું ખરાબ ફળ મળે છે. અને સારાં કર્મનું સારું ફળ મળે છે. તેથી દરેક મનુષ્ય દરેક વ્યક્તિએ પોતાની ભૂમિકા સમજીને પ્રસન્ન ચિત્તે કર્મ કરતા રહેવું જોઈએ.

ગીતામાં ભગવાન કૃષ્ણએ પણ કહ્યું છે કે : 'કર્મ કરતો જા ફળની આશા રાખીશ નહિ.'

આપણે તો શ્રીકૃષ્ણને પોતાના આરાધ્ય દેવ તરીકે ગણાવ્યા. પરંતુ તેમના કર્મનાં સિદ્ધાંતને અનુસરવું નથી.

આજના યુગમાં કર્મ, ભૂમિકાની વાત કરીએ તો દરેક વ્યક્તિએ તેમની વર્તમાનમાં જે ભૂમિકા છે, જે ભૂમિકા ભજવી રહ્યાં છે. તે ભૂમિકા તેમ પૂરી વફાદારીપૂર્વક અદા કરવી જોઈએ.

વિદ્યાર્થી તરીકેની ભૂમિકા ધરાવતાં યુવાનોને આળશની નિદ્રામાંથી જાગીને તેમની ભૂમિકા સમજીને વફાદારી પૂર્વક તેમણે તેમનું કર્મ કરીને, પોતાની જાતનું અને બીજાઓનું સારું થાય તે માટે તેમણે તેમના જે ધ્યેયો નક્કી કર્યા, છે તે ધ્યેયો પ્રાપ્ત કરવા માટે તૈયાર થવું જોઈએ. અને બીજા વિદ્યાર્થીઓને પણ તેમણે તેમનું ધ્યેય, સમજાવીને તેના તરફ આગળ ધપાવવા જોઈએ.

વિદ્યાર્થીએ સ્વામી વિવેકાનંદના બધાં જ વિચારો વાંચવા કે તેમના બધા જ વિચારોને અનુસરવાની જરૂર નથી. માત્ર તેમના એક જ વિચાર ને અનુસરવાની જરૂર છે. જે છે.

"ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી કર્મ કરતા રહો અને મંડ્યા રહો."


- ચુનારા અરૂણ એસ. બી.એ.સેમ.-૪ (રોલ નં. ૮૧)

* * *

# તસવીર બોલે છે....



બાયોલોજી વિભાગ દ્વારા આયોજિત ગેસ્ટ લેકચર આપતા પ્રા. ડી. કે. વાઘેલા



કોલેજમાં આચાર્યશ્રીની ઓફિસમાં એશોસિએશનની મિટીંગમાં કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતા કોલેજના આચાર્યશ્રી





ચાંગા ચારૂસેટ યુનિ.ની મુલાકાતે કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગના વિદ્યાર્થીઓએ GIBION સેમિનારમાં ભાગ લીધો.



પેટલાદ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં કોમ્પ્યુટર વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો જેમાં એસ.પી.યુનિ. વિદ્યાનગરના વાઈસ ચાન્સેલર ડૉ. શિરીષ કુલકર્ણી તથા પેટલાદ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી પ્રજેશભાઈ પરીખ.



કોલેજમાં તા. ૨૧-૧-૨૦૧૭ ના રોજ આચાર્યશ્રીની ઓફિસમાં વાલીમંડળની મિટીંગમાં ચર્ચા કરતા વિદ્યાર્થીઓના વાલીઓ.



કોલેજમાં ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત કેન્સર જાગૃતિ અભિયાન દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપતા ડૉ. મિશ્રા સાહેબ.



૨૬ મી જાન્યુઆરીના દિવસે કોલેજ ગ્રાઉન્ડમાં ધ્વજવંદન કરતા પેટલાદના વતની શ્રીમાન પ્રફુલચંદ્ર વિઠ્ઠલદાસ શાહ



૨૬ મી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ કોલેજના એન.સી.સી. ના વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ.




પેટલાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં ડૉ. મણિભાઈ હ. પટેલનું વ્યાખ્યાન



કોલેજના વિદ્યાર્થીઓને SOUL સોફ્ટવેરના ઉપયોગ અને Member Login અંગે માહિતી આપતા કિરીટભાઈ પરમાર.

## માણસ પૈસા બચાવે તે જરૂરી છે પરંતુ એ પૈસાથી માણસ માણસને બચાવે તે વિશેષ જરૂરી છે.

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ-શક્તિદ્વારા સમાજમાં ઊંચા શિખરોસર કરી, તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચાર્યુ છે તેને તેઓ એ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્નો કર્યો છે. આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ____________________

____________________

____________________

____________________

From :
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬